જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭
ગાંધીનગર - ૩૮૨૦૧૭
E-mail : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

**Ref No:SSA/VE/2020-21/** ૨૭૦૯૪ - ૨૭૧૫૪ તા. ૧૨/૦૮/૨૦૨૧

**પ્રતિ,**

**(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને**
**જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરશ્રી**
**જિલ્લા-તમામ**

**(૨) શાસનાધિકારીશ્રી,**
**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**
**કોર્પોરેશનઃ અમદાવાદ,વડોદરા, રાજકોટ, સુરત**

**(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**
**જિલ્લા-તમામ**

**વિષય:- વંચિત જુથના બાળકોના શિક્ષણ બાબત.**
**સંદર્ભ: આર.ટી.ઇ એક્ટ -2009 ના પ્રકરણ- 2ની કલમ 3 અને 9K ની જોગવાઇ મુજબ**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને જણાવવાનુ કે Right To Education Act પ્રકરણ-ની કલમ૨-૩ (૧), (૨) મુજબ ૬ થી ૧૪ વર્ષની વયજુથના તમામ બાળકોને ધોરણ ૧ થી ૮ સુધીનુ એટલે કે એલીમેન્ટરી શિક્ષણ મફત અને ફરજિયાત ધોરણે મળવું જ જોઇએ વધુમાં, એક્ટના પ્રકરણ-૩ ના 9 (k) (ck)ની જોગવાઇ અન્વયે વંચિત જૂથના અને સ્થળાંતર કરતાં બાળકોનું શિક્ષણ સુનિશ્ચિત કરવા જણાવેલ છે.

ઉપરોકત વિગતો અન્વયે જિલ્લાના ૬ થી ૧૪ વર્ષની વયજુથના બાળકોની માહિતી નીચે મુજબના અધિકારી/કચેરી પાસેથી મળી શકે તેમ છે.

(૧) મુકત કરાવેલ બાળશ્રમિકોની (ખેતમજૂરી, ઇંટ ભઠ્ઠા, અસંગઠિત ક્ષેત્રની મજુરી, રોડ રસ્તાના કામ, લારી ગલ્લા, કારખાનાઓમાં, ભરતકામ, ભિક્ષાવૃત્તિ, કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો) વિગતો જિલ્લા શ્રમઅધિકારીશ્રી પાસેથી મેળવી બાળકોના શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની રહેશે.

(૨) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકોની વિગતો (Children home, Observation home, Central home, નારીગૃહ) વગેરેની જિલ્લા સમાજ સુરક્ષાધિકારીશ્રી પાસેથી મેળવી બાળકોના શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની રહેશે.

(3) HIV અને Lapracy જેવા ગંભીર રોગોથી ગ્રસ્ત બાળકોની માહિતી જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પાસેથી મેળવી બાળકોના શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની રહેશે.

(૪) જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારમા ચાલતા ૧ વર્ષથી વધુ સમય માટે ચાલતા પ્રોજેકટો, રોડ-રસ્તાઓ, ફ્લાયઓવરમાં રોકાયેલ કામદારો તેમજ વર્કસાઇટની વિગતો માટે જિલ્લાકક્ષાએ Ex.En. R&B (Panchayat) અને સ્ટેટ થી મેળવવાની રહે છે.

(૫) મહાનગરપાલિકામાં આવેલ સ્લમ એરિયાની વિગતો સબંધિત Dy. Municipal Commissioner અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી અથવા મહાનગરપાલિકાના સીટી એન્જીનીયરશ્રી પાસેથી મેળવી, બાળકોના શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની રહેશે તેમજ આ બાળકોને નિવાસ, એમ.ડી.એમ. અને અન્ય શૈક્ષણિક લાભો મળે તે સુનિશ્ચિત કરશો.

(૬) નગરપાલિકા વિસ્તારમાં સબંધિત ચીફ ઓફિસરશ્રી પાસેથી સ્લમ વિસ્તાર અને શાળા બહારના બાળકોની પાસેથી મેળવી, બાળકોના શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની રહેશે તેમજ આ બાળકોને નિવાસ, એમ.ડી.એમ. અને અન્ય શૈક્ષણિક લાભો મળે તે સુનિશ્ચિત કરશો.

(૭) આ ઉપરાંત ઈંટભઠ્ઠા, શેરડીના ખેતર, ફુટપાથ, રેનબસેરા વગેરેના બાળકો માટે પણ શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવાની રહેશે તેમજ આ બાળકોને નિવાસ, એમ.ડી.એમ. અને અન્ય શૈક્ષણિક લાભો મળે તે સુનિશ્ચિત કરશો.

આમ, ઉપરોક્ત મુદ્દા નં ૧ થી ૭ માટે જિલ્લા, નગરપાલિકા અને મ્યુ. કોર્પોરેશન (મહાનગરપલિકા)વિસ્તારમાં રોજી રોટી માટે-સ્થળાંતર કરી જતા અને આવતા પરીવારો અને તેમના બાળકોની શૈક્ષણિક વિગતો આ સાથે સામેલ બિડાણ ૧ થી ૪ મુજબના ફોર્મેટમાં મેળવી તેમજ જો આ પરીવાર પૈકી જે બાળકો શિક્ષણના પ્રવાહમાં સંકળાયેલા ન હોય તેવા બાળકો માટે સંલગ્ન સંસ્થાના અધિકારીશ્રી સાથે સંકલન કરી જરૂરી પત્રાચાર દ્વારા ૬ થી ૧૮ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોની વિગતો મેળવવી તેમજ આ બાળકોનો વિગતો ડેટા મળે કે તરત જ નજીકની શાળામાં નામાંકન કરાવવા અંગે ખાસ તાલીમનું આયોજન કરશો તેમજ આ બાળકોને જરૂરી નિવાસી- બિનનિવાસી વ્યવસ્થા આપની કક્ષાએથી સુનિશ્ચિત કરશો.

ઉપરોકત બાબતે દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં રાજય કચેરીને બિનચુક માહિતી મોકલી આપવા જણાવવામાં આવે છે.

**એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**નકલ રવાનાઃ જિલ્લા / કોર્પોરેશન એ.આર.એન્ડ વી.ઇ. તમામ**